## અનુસંધાન ... પાના પહેલાનું

### ભારત-ચીન પર...

તરીકે દિવંગત સેનેટરના વારસાને સન્માન મળે તે સુનિશ્ચિત કરવા માટે નવી ઊર્જા સાથે કામ કર્યું હતું. આ ખરડો રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, રશિયાના ધનવાન ઉદ્યોગપતિઓ અને નાણાકીય સંસ્થાઓને નિશાન બનાવીને રશિયન નેતાઓ અને અધિકારીઓ પર પણ પ્રતિબંધો લાદવાની જોગવાઈ ધરાવે છે. જો કે કેટલાક ડેમોક્રેટ્સે ચેતવણી આપી છે કે આ બિલ ટ્રમ્પને એવા સમયે નવી ટેરિફ સત્તાઓ આપશે જ્યારે તેમણે આવી જકાતોને તેમની વેપાર નીતિના કેન્દ્રમાં રાખી છે. આ બિલ હવે ૩૧ ઓગસ્ટે જ્યારે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની બેઠક મળશે ત્યારે મંજૂરી માટે ત્યાં જશે.

### ઉત્તરાખંડની મહિલાએ...

ધાડિયાલના વાળની લંબાઈ અત્યાર સુધીના સૌથી ઊંચા નોંધાયેલા વ્યક્તિ રોબર્ટ વાડલો (જેમની ઊંચાઈ 272 સેમી હતી) કરતાં સહેજ જ ઓછી હતી.

ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, ધાડિયાલ 2015થી સતત પોતાના વાળ વધારી રહ્યા હતા અને આ સમયગાળા દરમિયાન તેમણે વાળ કપાવ્યા નહોતા.

ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ સાથે વાત કરતી વખતે તેમણે રેણુ ધાડિયાલે જણાવ્યું હતું કે, વાળ વધારવાના તેમના નિર્ણય પર અંશતઃ ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓનો પ્રભાવ હતો, જ્યાં ઐતિહાસિક રીતે લાંબા વાળને સુંદરતા અને પરંપરા સાથે જોડવામાં આવે છે.

### મહિલા અનામત,...

બેઠકની અધ્યક્ષતા કરનારા બાદલે, તમામ રાજ્યોને સમાન પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરે તેવા ન્યાયી અને સમાનતાયુક્ત મતવિસ્તારોના ફેરસીમાંકનની તરફેણ કરી હતી. બાદલે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, શિરોમણી અકાલી દળ શીખ ગુરુઓના ઉપદેશોમાંથી પ્રેરણા લે છે, જેમણે મહિલાઓના ગૌરવ, સમાનતા અને સમાન અધિકારોની હિમાયત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી(SGPC) એ તેના ગૃહમાં મહિલાઓ માટે અનામત પ્રદાન કરીને પહેલેથી જ એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે. પાર્ટીએ લોકસભાની બેઠકોના સીમાંકનને ૨૦૧૧ની વસ્તી ગણતરી સાથે જોડવાને બદલે, તમામ રાજ્યો માટે બેઠકોમાં સમાન રીતે ૫૦ ટકાનો વધારો કરવાની કેન્દ્રની દરખાસ્તને પણ ટેકો આપ્યો હતો. બાદલે જણાવ્યું હતું કે, "પાર્ટીએ ભારપૂર્વક જણાવ્યું છે કે મહિલા અનામત અને સીમાંકનની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે થવી જોઈએ. શિરોમણી અકાલી દળના નેતા દલજીત સિંહ ચીમાએ જણાવ્યું હતું કે પાર્ટીએ અગાઉ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે સીમાંકનનો વિરોધ કર્યો હતો, પરંતુ વ્યાપક ચર્ચા-વિચારણા બાદ તેણે બેઠકોના સમાન વિસ્તરણ માટેની કેન્દ્રની દરખાસ્તને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે પાર્ટી એક એવી ન્યાયી વ્યવસ્થા ઈચ્છે છે જે તમામ રાજ્યો માટે સમાન પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરે. અત્રે ઉલ્લેખનીય છે કે બાદલ સાથે વડાપ્રધાન મોદીની ગઈકાલે થયેલી બેઠકે આ બંને પક્ષો પંજાબ વિધાનસભાની આગામી ચૂંટણી લડવા માટે ફરી ભેગા થાય તેવી અટકળોને પણ વેગ આપ્યો છે.

### UPI યુઝરોને કોઇ...

દરે લાગુ થશે, જે ડેબિટ કે ક્રેડિટ કાર્ડના MDR કરતાં ઘણો ઓછો હશે. લોકસભા દ્વારા પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭માં સુધારો કરવા માટેનું બિલ પસાર કર્યાના બે દિવસ બાદ આ નિવેદન આવ્યું છે. આ સુધારો સરકારને બેંકો અને અન્ય સર્વિસ પ્રોવાઈડર્સને UPI અને અન્ય સૂચિત ઈલેક્ટ્રોનિક પેમેન્ટ મોડ્સ દ્વારા થતી ચૂકવણીઓ પર ચાર્જ વસૂલવાની મંજૂરી આપવાની સત્તા આપે છે. નિવેદનમાં જણાવાયું છે કે, એકવાર સંસદ ટેક્સેશન એન્ડ અધર લોઝ (અમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ પસાર કરી દે, જે પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭ની કલમ ૧૦Aમાં સુધારો કરવાની દરખાસ્ત કરે છે, ત્યારબાદ NPCIના વડપણ હેઠળની 'UPI એન્ડ સર્વિસીસ સ્ટીયરિંગ કમિટી' MDR અંગેનો નિર્ણય લેશે, જો કોઈ ચાર્જ લગાવવાનો હશે તો. સરકાર સ્પષ્ટતા કરી હતી કે જો કોઇ ચાર્જ લાગશે તો તે ટોચમર્યાદા આધારિત હશે અને તમામ વ્યવહારો પર ચાર્જ નહીં લાગે, મોટા ભાગના વ્યવહારો નિઃશુલ્ક રહેશે.

પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ (PSS એક્ટ)માં તાજેતરના સુધારા અંગે ચર્ચા શરૂ થઈ છે, જેમાં કેટલાક લોકો તેને સામાન્ય વપરાશકર્તાઓ પર ચાર્જ લાદવાના પગલા તરીકે ખોટી રીતે અર્થઘટન કરી રહ્યા છે. નિવેદનમાં ઉમેર્યું છે કે, વાસ્તવમાં આ સુધારો એક સક્ષમકર્તા જોગવાઈ છે, જે UPIની લાંબાગાળાની ટકાઉક્ષમતા, તકનીકી પ્રગતિ અને ઉભરતા જોખમો સામે સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે. તેના પાછળના તર્કને સમજાવતા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં અસાધારણ વધારાને કારણે સિસ્ટમને સાયબર સિક્યુરિટી, ફ્રોડ પ્રિવેન્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટા પાયે અને સતત અપગ્રેડેશનની જરૂર છે.

### છ મહિનામાં...

વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં આ ઉત્તર અમેરિકા ખંડના દેશમાંથી હાંકી કાઢવામાં આવેલા ભારતીયોની સંખ્યા ૨૦૨૫ના સમગ્ર વર્ષ દરમિયાન હાંકી કાઢવામાં આવેલા ૩,૭૭૯ નાગરિકોના લગભગ ૮૮ ટકા જેટલી છે, જે પોતે એક રેકોર્ડ સ્તર હતું. આ ડેટા એવા સમયે સામે આવ્યો છે જ્યારે કેનેડા તેની ઇમિગ્રેશન સિસ્ટમને કડક બનાવી રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમજ હંગામી વિદેશી કામદારો સહિતના અસ્થાયી રહેવાસીઓની સંખ્યામાં ઘટાડો કરી રહ્યું છે.

કેનેડા સામાન્ય રીતે ઇમિગ્રેશન નિયમોનું પાલન ન કરવા બદલ, આશ્રય અથવા શરણાર્થીના દાવા ફગાવી દઇને, વિઝાની મુદત પૂરી થયા પછી પણ રોકાઈ રહેવા બદલ અને વિઝા ફ્રોડ કૌભાંડોને કારણે ભારતીય નાગરિકોને દેશનિકાલ કરે છે. ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં કેનેડામાંથી હાંકી કાઢવામાં આવેલા લોકોમાં ભારતીયો કોઇ એક દેશના નાગરિકો તરીકે સૌથી મોટી સંખ્યા તરીકે ઉભરી આવ્યા છે, જે તેમણે ૧,૫૭૩ હકાલપટ્ટી સાથેના મેક્સિકન નાગરિકોને પાછળ છોડી દીધા છે. છેલ્લા પાંચ વર્ષમાં કેનેડાના દેશનિકાલના લિસ્ટમાં મેક્સિકો ટોચ પર હતું, જ્યારે ભારત તે સમયગાળા દરમિયાન બીજા ક્રમે હતું. આ વર્ષે કેનેડાનો હકાલપટ્ટીનો આંકડો અમેરિકા દ્વારા ભારત મોકલવામાં આવેલા ભારતીયોની સંખ્યા કરતાં પણ અઢી ગણા કરતાં વધુ છે. ભારતના વિદેશ મંત્રાલયે ગયા મહિને જણાવ્યું હતું કે ૧ જાન્યુઆરીથી ૨૨ જુલાઈ વચ્ચે અમેરિકામાંથી ૧,૨૭૩ ભારતીય નાગરિકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

# રાજ્યમાં બે દિવસમાં ૧,૭૦૫ કિલો એનાલોગ પનીર જપ્ત

**પનીર-ચીઝના** નામે એનાલોગનું વેચાણ નિશાન પર

ગાંધીનગર : પનીર અને ચીઝના નામે ગ્રાહકોને ડેરી એનાલોગ પધરાવીને નફો કમાવાના કારસાઓ સામે રાજ્ય સરકારે કડક કાર્યવાહી શરૂ કરી છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા બનાવટી અને ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોના ઉત્પાદન-વેચાણને અટકાવવા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં વ્યાપક દરોડા અને આકસ્મિક તપાસની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તા. ૬ અને ૭ ઓગસ્ટ દરમિયાન માત્ર બે દિવસમાં રાજ્યની ૮૪૨ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કૂલ ૧,૭૦૫ કિલોગ્રામ ડેરી એનાલોગનો જથ્થો મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂ. ૫.૨૮ લાખ થાય છે. તંત્ર દ્વારા જપ્ત કરાયેલો સમગ્ર જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની સૂચના બાદ હાથ ધરાયેલી આ ઝુંબેશનો મુખ્ય હેતુ પનીર અને ચીઝ જેવા દૂધ આધારિત ખાદ્યપદાર્થોના નામે ડેરી એનાલોગનું વેચાણ અટકાવવાનો છે. તપાસ દરમિયાન હોટેલ, રેસ્ટોરન્ટ, વેપારી પેઢીઓ તથા ખાદ્ય સામગ્રી સાથે સંકળાયેલા વિવિધ એકમોને આવરી લેવામાં આવ્યા હતા.તંત્રની ટીમોએ વિવિધ સ્થળોએ આકસ્મિક તપાસ કરીને પનીર-ચીઝના નામે વેચાતા ડેરી એનાલોગનો જથ્થો શોધી કાઢ્યો હતો. આરોગ્ય માટે હાનિકારક અને ભેળસેળયુક્ત હોવાનું જણાયેલો જથ્થો જપ્ત કર્યા બાદ તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

### બે દિવસમાં ૮૪૨ પેઢીઓ તપાસાઈ

તંત્રની આ ઝુંબેશની સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે માત્ર જથ્થો જપ્ત કરવા પૂરતી કાર્યવાહી સીમિત રાખવામાં આવી નથી, પરંતુ રાજ્યભરમાં મોટી સંખ્યામાં વેપારી પેઢીઓ અને ખાદ્યસામગ્રી સાથે સંકળાયેલા એકમોની તપાસ કરવામાં આવી છે. બે દિવસમાં કુલ ૮૪૨ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી.તપાસ દરમિયાન મળી આવેલા ડેરી એનાલોગના જથ્થાને જપ્ત કરી તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીથી પનીર અને ચીઝના નામે ગ્રાહકોને ગુણવત્તાવિહોણી અથવા બનાવટી સામગ્રી વેચતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

### બે દિવસની કાર્યવાહી એક નજરે

**કુલ તપાસાયેલી પેઢીઓ:** ૮૪૨
જપ્ત અને નાશ કરાયેલ ડેરી **એનાલોગ:** ૧,૭૦૫ કિલોગ્રામ
**કુલ અંદાજિત કિંમત:** રૂ. ૫.૨૮ લાખ
**વડોદરા:** ૪૭૧ કિલોગ્રામ, રૂ. ૧.૫૦ લાખ
**સુરત, તા. ૬:** ૨૩૫ કિલોગ્રામ, રૂ. ૫૮ હજારથી વધુ
**રાજકોટ:** ૧૧૫ કિલોગ્રામ, રૂ. ૩૦ હજારથી વધુ
**જૂનાગઢ, તા. ૭:** ૫૮૫ કિલોગ્રામ, રૂ. ૨.૦૪ લાખથી વધુ
**સુરત, તા. ૭:** ૨૭ કિલોગ્રામ, રૂ. ૬,૭૫૦
**જામનગર:** ૨૯ કિલોગ્રામ, રૂ. ૬,૫૦૦

### PoKમાં દમનના...

છે. વ્યાપક ગરબડો અને ગોટાળાના આરોપો વચ્ચે ગયા મહિનાના અંતમાં આ પ્રદેશમાં કહેવાતી વિધાનસભાની ચૂંટણીઓ શરૂ થતાં પ્રદર્શનો વધુ ઉગ્ર બન્યા હતા. વિવિધ કાર્યકર્તા જૂથોના સંગઠન 'જોઈન્ટ અવામી એક્શન કમિટી'(JAAC)ના જણાવ્યા અનુસાર, ૨૭ જુલાઈના રોજ યોજાયેલા મતદાનના પ્રથમ તબક્કા દરમિયાન ૪૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. આ ઉપરાંત, તેવો દાવો છે કે જૂનના પ્રથમ સપ્તાહથી અત્યાર સુધીમાં અંદાજે ૪૦૦ પ્રદર્શનકારીઓ માર્યા ગયા છે. પાકિસ્તાન સરકાર દ્વારા આ બંને દાવાઓને ફગાવી દેવામાં આવ્યા છે. મહાસચિવના નાયબ પ્રવક્તા ફરહાન હકે શુક્રવારે અહીં પીટીઆઈના એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, મહાસચિવ તેમના હાઈ કમિશનરના કાર્યને સમર્થન આપે છે, અને અમે ચોક્કસપણે આશા રાખીએ છીએ કે તુર્ક દ્વારા કરવામાં આવેલી અપીલ પર ધ્યાન આપવામાં આવશે. માનવાધિકાર માટેના યુએન હાઈ કમિશનર વોલ્કર તુર્કે ૧૭ જુલાઈએ PoKમાં તાજેતરના પ્રવાહો અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને પ્રદર્શનકારીઓના મોતના મામલે ,પાકિસ્તાન દ્વારા JAAC પર પ્રતિબંધ મૂકવા બાબતે અને તેના નેતાઓની ધરપકડના મામલે નિષ્પક્ષ અને સંપૂર્ણ તપાસ માટે હાકલ કરી હતી. ગયા મહિને જિનીવામાં જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું હતું કે, તુર્કે મહિનાના અંતમાં યોજાનારી પ્રાદેશિક ચૂંટણીઓ પહેલાં અશાંતિના મોજા વચ્ચે PoKમાં શાંતિ જાળવવાની અપીલ કરી હતી. હકે ઉમેર્યું હતું કે, જો શાંતિપૂર્ણ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ લોકોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોય, તો તેના માટે જવાબદારી નક્કી થવી જ જોઈએ.

### અમેરિકી ઉપરાષ્ટ્રપતિએ...

સંઘર્ષ વચ્ચે આ કરારને પ્રાદેશિક સ્તરે નવા રાજકીય અને સંરક્ષણ સમીકરણોના સંકેત તરીકે જોવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ વાતચીતની જાણકારી આપતા લખ્યું, "યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જેડી વેન્સનો ફોન કોલ આવ્યો. અમે મુખ્ય ક્ષેત્રોમાં ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ઊંડી બનાવવાની રીતો પર ચર્ચા કરી. મેં તેમને અને સેકન્ડ લેડીને તેમના પુત્રના જન્મ બદલ ઉષ્માભર્યા અભિનંદન આપ્યા અને સમગ્ર પરિવારને મારી શ્રેષ્ઠ શુભકામનાઓ પાઠવી." જોકે, આ વાતચીત અંગે અમેરિકન પક્ષ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો જારી કરવામાં આવી નથી.

### ખરાબ હવામાનના...

બહાર પાડવામાં આવેલી એડવાઈઝરી મુજબ, 11 ઓગસ્ટ સુધી જમ્મુ ક્ષેત્રમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે, જેમાં અચાનક પૂર અને ભૂસ્ખલનની શક્યતા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, શનિવારે વહેલી સવારે હળવાથી મધ્યમ વરસાદ છતાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનવ્યવહાર સુચારૂ રીતે ચાલુ હતો.

# વિખ્યાત હિન્દુ મંદિરોમાં અબજો રૂપિયાના દાનની ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે



અયોધ્યાના રામ મંદિરમાં ૨૦૦ કરોડ રૂપિયાના દાનની ચોરીનું કૌભાંડ બહાર આવ્યું તે પછી દેશનાં અનેક વિખ્યાત મંદિરોમાં પણ દાનની ચોરીના સમાચાર આવી રહ્યા છે. દેશના સૌથી ધનિક મંદિર તિરુપતિમાં ભગવાન વેંકટેશ્વરનું મંદિર પણ આવા વિવાદથી મુક્ત નહોતું અને સબરીમાલા મંદિર પણ તેમાંથી બાકાત રહ્યું નથી. હવે મુંબઈના પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાં દાનની રકમમાં છેતરપિંડીના આરોપોનો મુદ્દો મહારાષ્ટ્રના રાજકારણમાં પણ જોર પકડી રહ્યો છે. ફિલ્મસ્ટારોના માનીતા સિદ્ધિવિનાયક મંદિરના એક ટ્રસ્ટીએ આરોપ લગાવ્યો છે કે દર વર્ષે દાનપેટીમાંથી આશરે ૧૮ કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવે છે. મુંબઈના પ્રભાદેવીમાં આવેલું સિદ્ધિવિનાયક મંદિર દેશના સૌથી પ્રખ્યાત ગણેશ મંદિરોમાંનું એક માનવામાં આવે છે. નવસાલા પવનાર ગણપતિ તરીકે ઓળખાતું આ મંદિર દરરોજ હજારો ભક્તોને આકર્ષે છે. રાજકીય વ્યક્તિઓ, ફિલ્મ સ્ટાર્સ અને ઉદ્યોગપતિઓથી લઈને સામાન્ય ભક્તો દ્વારા ઉદારતાથી દાન આપવામાં આવે છે. પરિણામે, મંદિરની દાનપેટીમાં કરોડો રૂપિયા આવે છે.

એવો દાવો કરવામાં આવ્યો છે કે દાનની ચોરી બદલ નવ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમને હટાવ્યા પછી સાપ્તાહિક દાન ૫૦ લાખ રૂપિયાથી વધીને આશરે ૧.૫૦ કરોડ રૂપિયા થઈ ગયું છે. નાણાંકીય અનિયમિતતાના આરોપોએ ભક્તોમાં ચિંતા વધારી છે. એક ટ્રસ્ટીએ લગભગ ૧૦ દિવસ પહેલાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને પત્ર લખીને આ મામલાની તપાસની માંગણી કરી હતી. આ પત્ર જાહેર થયા પછી આ મામલો ચર્ચામાં આવ્યો હતો. ભ્રષ્ટાચારવિરોધી બ્યુરો (ACB) એ આ મામલે કડક વલણ અપનાવ્યું છે અને અત્યાર સુધીમાં ૪૫ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી છે. CCTV ફૂટેજની સંપૂર્ણ તપાસ બાદ આમાંથી દસ આરોપીઓને જેલના સળિયા પાછળ મોકલી દેવામાં આવ્યા છે. આ કાર્યવાહી બાદ સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના પ્રમુખ સદા સર્વણકરે એક પ્રેસ કોન્ફરન્સ યોજી અનેક સનસનાટીભર્યા ખુલાસા કર્યા હતા. સદા સર્વણકરે દાવો કર્યો હતો કે ધરપકડ કરાયેલો મુખ્ય આરોપી રાજન પેંડુલકર અને તેના સહયોગીઓ શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) ના વરિષ્ઠ નેતા વિશાખા રાઉત સાથે જોડાયેલા છે.દેશના સૌથી ધનિક મનાતા તિરુપતિ બાલાજી મંદિરમાં પણ ચોરી અને તેના પગલે હત્યાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. એપ્રિલ ૨૦૨૩ ના છેલ્લા અઠવાડિયામાં મંદિરમાં તૈનાત સહાયક તકેદારી અને સુરક્ષા અધિકારી વાય. સતીશકુમારે તિરુમાલાના ટાઉન-૧ પોલીસ સ્ટેશનમાં સીવી રવિકુમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. રવિ કુમારનું કામ તેમને ફાળવવામાં આવેલી કરન્સી બાસ્કેટમાંથી યુએસ ડોલરને અલગ કરવાનું હતું. સતીશકુમારે આરોપ લગાવ્યો કે તેમણે રવિકુમારના હાથ વિચિત્ર રીતે તેમના ગુપ્ત ભાગો તરફ ફરતા જોયા હતા. કર્મચારીઓ અને નોકરોને ફક્ત ધોતી પહેરીને જ મતગણતરી રૂમમાં પ્રવેશવાની મંજૂરી છે. તેમને તેમના અન્ડરવેર સાથે પ્રવેશવાની મંજૂરી નથી. સતીશે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે રવિકુમારે નવ યુએસ ડોલરની ૧૦૦ નોટો ચોરી કરી હતી. ફરિયાદની તપાસ કરવામાં આવી હતી અને પોલીસે ચાર્જશીટ દાખલ કરી હતી. ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સતીશકુમારનો મૃતદેહ તડીપત્રી નજીક રેલ્વે ટ્રેક પરથી મળી આવ્યો હતો. આ કેસ ફરીથી હાઇકોર્ટમાં ગયો, જ્યાં કોર્ટે ૨ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. થોડા દિવસો પછી રવિકુમાર એક વાયરલ વીડિયોમાં દેખાયો હતો. તેમાં તેણે કહ્યું કે તેણે પાપ કર્યું છે અને પ્રાયશ્ચિત્ત તરીકે તેની ૯૦ ટકા સંપત્તિ, જે ૧૪ કરોડ રૂપિયાની હોવાનું કહેવાય છે, તે મંદિરમાં દાનમાં આપી દીધી છે. YCID ને સતીશકુમારના મૃત્યુની તપાસ ઝડપી બનાવવા માટે કહેવામાં આવ્યું હતું. તપાસનો હેતુ એ નક્કી કરવાનો હતો કે તે અનંતપુર જિલ્લામાં ટ્રેનમાંથી પડી ગયો હતો કે પછી તે હત્યાનો કેસ હતો.

**ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

તિરુપતિમાં ડોલરચોરીના આરોપો સામે આવ્યા હતા, જ્યારે સબરીમાલામાં સોનું ગાયબ થઈ ગયું હતું. ગુમ થયેલ સોનું સાડા ચાર કિલોગ્રામ હોવાનો અંદાજ છે. દાવાઓ અનુસાર આ ગુમ થયેલું સોનું દરવાજા અને દ્વારપાલો (રક્ષક દેવતાઓ) પર તાંબાના આવરણથી બદલવામાં આવ્યું હતું. સોનાનું પ્લેટિંગ ૧૯૮૮માં કરવામાં આવ્યું હતું.

આશ્ચર્યજનક વાત એ છે કે ૨૦૧૯ થી ૨૦૨૫ ની વચ્ચે તે સોનાને તાંબાથી બદલવામાં આવ્યું હતું. નેશનલ મેટલર્જિકલ લેબોરેટરી (CSIR-NML) ના તાજેતરના અહેવાલ દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. હકીકતમાં મંદિરમાંથી ૩૦.૨૯ કિલોગ્રામ સોનું કાઢવામાં આવ્યું હતું. જ્યારે ભગવાન અયપ્પાની વાર્તાઓ દર્શાવતા દરવાજા, થાંભલા અને પેનલ પરત કરવામાં આવ્યા ત્યારે ૪.૫૪ કિલોગ્રામ સોનું ગાયબ હોવાનું કહેવાય છે. કેરળ હાઈકોર્ટે આ કેસનું સ્વતઃ સંજ્ઞાન લીધું અને સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરવાનો આદેશ આપ્યો હતો.

હાઈકોર્ટે એક ડગલું આગળ વધીને SIT ને સીધો કોર્ટમાં રિપોર્ટ મોકલવાનો આદેશ આપ્યો હતો. મંદિરના મુખ્ય પૂજારી કંદાવરુ રાજીવરુ અને તેમના સહાયક ઉન્નીકૃષ્ણન પોટ્ટીની વિશ્વાસઘાત, બનાવટ અને કાવતરાના ગુના હેઠળ ધરપકડ કરવામાં આવી છે. ઉન્નીકૃષ્ણન પોટ્ટીને ચોરીનો મુખ્ય આરોપી માનવામાં આવે છે.કેદારનાથ મંદિરના યાત્રાળુ પૂજારી અને ચાર ધામ મહાપંચાયતના ઉપપ્રમુખ સંતોષ ત્રિવેદીએ મંદિરને દાનમાં આપેલા ૨૩.૭૮ કિલો સોનાની ચોરીનો આરોપ લગાવ્યો છે. આ સોનાનો ઉપયોગ મુંબઈના એક ઉદ્યોગપતિ દ્વારા ગર્ભગૃહની દિવાલો પર પ્લેટિંગ તરીકે કરવામાં આવ્યો હતો. ૧૮ જૂનના રોજ, ગૌતમ નૌટિયાલ નામના X હેન્ડલરે મંદિરના ગર્ભગૃહમાં પોલિશિંગના કામનો એક વીડિયો શેર કર્યો હતો. વીડિયોમાં કેટલાક કારીગરો સોનાને પોલિશ કરતા જોવા મળ્યા હતા. વીડિયોગ્રાફરે કારીગરોને પૂછ્યું કે સોનાને પોલિશ કરવાનું કારણ શું છે. તેમણે કારીગરોને પ્રશ્ન કર્યો કે મંદિર બંધ થયા પછી, તેઓ રાત્રે આ કામ કેમ કરી રહ્યા છે. આ વીડિયો સામે આવ્યા પછી યાત્રાધામના પૂજારીઓએ નવો મોરચો માંડ્યો. તેઓ પહેલાથી જ સોનાના ઢોળનો વિરોધ કરી રહ્યા હતા. સંતોષ ત્રિવેદીએ આરોપ લગાવ્યો છે કે કેદારનાથ મંદિરમાં સ્થાપિત ૨૩ કિલોગ્રામ સોનું ચોરાઈ ગયું છે, કારણ કે સોનાના ઢોળ સ્થાપિત થયા પછી તેને પોલિશ કરવાની કોઈ જરૂર નહોતી. ગર્ભગૃહની દિવાલો પર રસાયણોનો ઉપયોગ થઈ રહ્યો છે.

સપ્ટેમ્બર ૨૦૨૨ માં, જ્યારે સમાચાર આવ્યા કે કેદારનાથ મંદિરને સોનાથી ઢાંકવામાં આવશે, ત્યારે તેનો વ્યાપક વિરોધ થયો હતો. પૂજારી આચાર્ય સંતોષ ત્રિવેદીએ જણાવ્યું હતું કે કેદારનાથ એક મુક્તિસ્થાન છે અને મુક્તિસ્થાનોમાં સોનાનો ઉપયોગ થતો નથી. પ્લેટિંગ માટે ડ્રિલ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનાથી ગર્ભગૃહની દિવાલોને નુકસાન થયું હતું.

ગુજરાતમાં પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં પણ દાનચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ કેસમાં સીસીટીવી ફૂટેજમાં મુખ્ય આરોપી ચિરાગ ઠાકોર ૨૧ એપ્રિલના રોજ નોટોના બંડલ છુપાવીને ચોરી કરતો જોવા મળ્યો હતો. ૭ મેના રોજ ચિરાગ ઠાકોર રૂ. ૧.૦૪ લાખનું નોટોનું બંડલ ખિસ્સામાં છુપાવી બાથરૂમ જવાના બહાને બહાર નીકળ્યો હતો. આ મામલે બનાસકાંઠાના અધિક કલેક્ટરની ફરિયાદના આધારે અંબાજી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હતો. ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ હાલ આરોપીઓ કોર્ટમાંથી જામીન મેળવી મુક્ત થયા છે. અંબાજી મંદિરમાં દાન ચોરીના વિવાદ બાદ સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા હતા અને આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા તંત્ર દ્વારા નવી વ્યવસ્થા અમલમાં મૂકાઈ હતી. હવે દાન ગણતરીની પ્રક્રિયામાં વર્ગ ૪ અને તમામ આઉટ સોર્સિંગ કર્મચારીઓને સંપૂર્ણપણે દૂર કરાયા છે. ભંડાર કક્ષમાં લગભગ ૨૦ હાઇટેક સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. અંબાજીમાં દાનચોરીની ઘટનાને પગલે શ્રદ્ધાળુઓ રોષે ભરાયાં છે. દાનચોરીની ઘટનામાં સંડોવાયેલાં આરોપીઓને કડક સજા કરવાની માંગણી ઊઠી છે. એક તરફ ભાજપના રાજમાં હિન્દુત્વની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે ત્યારે બીજી તરફ યાત્રાધામોમાં દાનપેટીઓ પણ સલામત રહી નથી. આ જોતાં યાત્રાધામોની સુરક્ષાને લઈને સવાલો ઊઠ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**તિરુપતિમાં ડોલરની ચોરીના આરોપો સામે આવ્યા હતા, જ્યારે સબરીમાલામાં સોનું ગાયબ થઈ ગયું હતું. ગુમ થયેલું સોનું સાડા ચાર કિલોગ્રામ હોવાનો અંદાજ છે**


ફક્ત રૂ. ૭૦/- થી શરૂ
એક્શન થ્રીલર
ધ બ્લડી વૈલેન્ટાઇન



૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જબરજસ્ત એક્શન થ્રીલર
જન નેતા



૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એક-બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
• મસાજર બેડ • કપલ બેડ • વીઆઈપી • રીકલાઈનર
ફ્રી માળ, એક્ઝોટિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007
Book Tickets Now from : bookmyshow.com Paytm @appleinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્સ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
સ્પાઈડર મેન (હિન્દી) ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૧૫, ૧૨.૪૫, ૨.૩૦, ૩.૩૦, ૫.૧૦, ૬.૧૫, ૭.૫૦, રાત્રે: ૯.૦૦, ૧૦.૩૦
ડીસી ધ બ્લડી વૈલેન્ટાઇન (હિન્દી) ૧૧.૪૦, ૩.૦૦, ૫.૦૦, રાત્રે: ૯.૨૦, ૧૧.૦૦
ગેટ સેટ ગો (ગુજરાતી) ૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૭.૧૦, રાત્રે: ૯.૫૦
ધમાલ-4 ૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૨૦, ૩.૨૦, ૪.૨૫, ૫.૪૦, ૭.૦૦, રાત્રે: ૯.૪૦
ઓમાય ડોગ (હિન્દી) ૯.૦૦, ૨.૧૫, ૭.૩૫
હીપ હીપ હુરે (ગુજરાતી) ૯.૨૦, ૨.૨૦, ૫.૦૦, રાત્રે: ૮.૨૦
મારણ (ગુજરાતી) ૧૧.૪૦
જન નેતા ૯.૦૦, ૧૨.૦૦, ૧.૧૦, ૬.૧૦, રાત્રે: ૯.૩૫, ૧૦.૨૦
આર્યભટ્ટ કા ઝીરો (હિન્દી) ૫.૦૦, ૭.૩૫

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત




સ્પાઈડર મેન (હિન્દી) ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦ રાત્રે: ૧૦.૧૫
જન નેતા ૧૨.૦૦, ૩.૧૫, ૬.૪૫, રાત્રે: ૧૦.૦૦
ડીસી ૧.૧૫, ૭.૦૦
મારણ ગુજરાતી: ૪.૦૦

RAJ IMPERIAL
Booking Movie Tickets @ Raj Imperial Inox
Ph.: 02612577777
INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
સ્પાઈડર મેન બ્રાન્ડ ન્યુ ડે
3D હિન્દી ATMOS : 9.00 am, 11.00 am, 12.00 pm, 2.55 pm, 5.00 pm, 6.00 pm, 8.00 pm, 9.00 pm, 10.55 pm
2D હિન્દી ATMOS : 10.00 am, 1.00 pm, 3.55 pm, 7.00 pm, 9.55 pm
2D હિન્દી (રેગ્યુલર) : 12.20 pm, 3.20 pm, 6.20 pm, 9.30 pm
હનુમાન અંશ (હિન્દી) 3.25 pm
(હિન્દી) DC ધ બ્લડી વૈલેન્ટાઈન ATMOS : 2.00 pm, 9.10 am, 12.10 pm, 3.10 pm, 9.15 pm
ઓ માય ડોગ (હિન્દી) 9.00 am, 6.10 pm
ધમાલ-4 9.20 am, 6.30 pm
ધ ઓડિશી (હિન્દી) 12.00 pm
ગેટ સેટ ગો (ગુજરાતી) 9.35 pm
શુક્રવાર તા. ૧૪મી થી આવે છે.



બટવારા 1947



આવારાપન-2



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
DGVCL
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે વ્યારા વિભાગીય કચેરી હેઠળના અનુક્રમે આવતા ૬૬ કેવી હથોડા, ૬૬ કેવી કુકરમુંડા, ૬૬ કેવી નિમભોરા અને ૬૬ કેવી નિઝર સબ-સ્ટેશન માંથી નીકળતા નીચે જણાવેલ ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં તારીખ ૦૯.૦૮.૨૦૨૬ થી ખેતીવાડી ગ્રુપ સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

| અ. નં. | જિલ્લા નું નામ | સબ-સ્ટેશનનું નામ | ખેતીવાડી ફિડરનું નામ | ખેતીવાડી હાલનું ગ્રુપ | હાલનો ગ્રુપ નો સમય | અમલમાં આવતા ગ્રુપનું નામ | અમલમાં આવતા ગ્રુપનો સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તાપી | ૬૬ કેવી હથોડા | ૧૧ કેવી તાપી એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૨ | | | ૧૧ કેવી ઉટાવદ એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૩ | | | ૧૧ કેવી હથોડા એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૪ | | ૬૬ કેવી કુકર-મુંડા | ૧૧ કેવી ઈટવાઈ એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૫ | | | ૧૧ મટાવલ કેવી એજી | DT-2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૬ | | | ૧૧ કેવી પીપલાશ એજી | DT-2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૭ | | | ૧૧ કેવી રાજપુર એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૮ | | ૬૬ કેવી નિમ-ભોરા | ૧૧ કેવી નિંભોરા એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૯ | | | ૧૧ કેવી ભમસાળ એજી | DT-2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૦ | | | ૧૧ કેવી સતોલા એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૧ | | | ૧૧ કેવી હોળ એજી | DT-2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૨ | | ૬૬ કેવી નિઝર | ૧૧ કેવી વેલદા એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૩ | | | ૧૧ કેવી હાડુલી એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૪ | | | ૧૧ કેવી કોઠલી એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૫ | | | ૧૧ કેવી શેલુ એજી | DT-2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૬ | | | ૧૧ કેવી મુબારકપુર એજી | DT-1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૭ | | | ૧૧ કેવી બોરદા એજી | DT-2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |

વિશેષ મુખ્ય ઈજનેર (સી.એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ., સુરત
એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી નો ઉપયોગ કરો અને વીજ અકસ્માતો ટાળો



DGVCL
**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
પાંડેસરા વિભાગીય કચેરી
બાટલીબોય કંપનીની સામે, ઉધના-નવસારી રોડ, પાંડેસરા, સુરત-૩૯૫૦૨૩
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩
**વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત**

આથી અમારા માનવતાવીજ ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં તથા ફીડરો માં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ સ્ટેશન માં વીજપ્રવાહબંધ રહેશે

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬ કેવી પાંડેસરા-એ | ૨૨ કેવી નારાયણ | પાંડેસરા | ૧૯૧૨૩ | ૧૧.૦૮.૨૦૨૬ / મંગળવાર | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| 2 | ૬૬ કેવી પાંડેસરા-એ | ૨૨ કેવી ગાડિયા | પાંડેસરા | | ૧૨.૦૮.૨૦૨૬ / બુધવાર | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| 3 | ૬૬ કેવી પાંડેસરા-એ | ૨૨ કેવી સિદ્ધિ વિનાયક | પાંડેસરા | | ૧૩.૦૮.૨૦૨૬ / ગુરુવાર | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| 4 | ૬૬ કેવી ગોડાદરા | ૨૨ કેવી પરવત | ગોડાદરા | | ૧૧.૦૮.૨૦૨૬ / મંગળવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| 5 | ૬૬ કેવી ભેસ્તાન બી | ૨૨ કેવી શાલિની | પ્રમુખ પાર્ક | | ૧૨.૦૮.૨૦૨૬ / બુધવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| 6 | ૬૬ કેવી ગોડાદરા | ૨૨ કેવી ગોવિંદનગર | લીંબાયત | | ૧૦.૦૮.૨૦૨૬/ સોમવાર | ૧૦:૦૦ થી ૧૭:૦૦ |

કાર્યપાલક ઈજનેર
દ.ગુ.કં.લી, પાંડેસરા વિભાગીય કચેરી
એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.